**આદિવાસી લોકોની પરંપરાઓ અને પ્રથાઓ અનેરી છે એમાની જ એક પરંપરા એટલે કે ગોળ ગધેડાનો મેળો**

## જેસાવાડા ખાતે ગોળ ગધેડાનો મેળો યોજાયો



**દાહોદમાં અગાઉ આ મેળો સ્વંયવર તરીકે ઓળખાતો**

**પહેલાના સમયમાં** જે યુવાન થાંભલા પર ચડીને ગોળ પહેલો ઉતારે તેને મનગમતી યુવતી સાથે લગ્ન કરવાનો હતો રિવાજ

(પ્રતિનિધિ) દાહોદ તા.9

દાહોદ જિલ્લામાં વર્ષોથી યોજાતો આવતો આદિવાસી લોકોનો ગોળ ગધેડાનો મેળો હોળી પછીના પાંચમા, સાતમા કે બારમા દિવસે ગરબાડા તાલુકાના જેસાવાડા ગામે બજારના ચોકમાં ભરાય છે. આ મેળામાં આ આજુબાજુના ગામોમાંથી ચાલતા જઈને હજારો લોકો ઢોલ, થાળી અને શરણાઈ જેવાં વાદ્યો વગાડતાં અને આનંદથી ચિચિયારીઓ કરતાં નાચતાં-ગાતાં આવે છે. ગોળ ગધેડાની વાત કરીએ તો, જ્યાં આ મેળો યોજવાનો હોય ત્યાં સીમ કે ચોકની વચ્ચોવચ મેળા અગાઉના દિવસોમાં સીમળાના લાકડાનો થાંભલો રોપવામાં આવે છે. જેની ટોચ પર આગેવાનો દ્વારા ગોળ બાંધવામાં આવે છે. હાથમાં વાંસની લીલી સોટીઓ લઈને ગોળની રખેવાળી કરતી ગામેગામની યુવતીઓ થાંભલા ફરતે ગોળ ગોળ ફરતી હોય છે. જે યુવાન આ માર ખાઈને પણ જો થાંભલા ઉપર ચડીને પહેલો જે ગોળ ઉતારે તેને મનગમતી યુવતી સાથે લગ્ન કરવાની પહેલાના સમયમાં પ્રથા હતી. પરંતુ હવે સ્વયંવરની પ્રથાને આ મેળામાંથી બાદ કરી દેવામાં આવી છે, હવે આ મેળો વર્ષોથી ચાલી આવતી પરંપરાને જાળવી રાખવા માટે ઉજવવામાં આવે છે. હવે આ મેળામાં જે યુવાન થાંભલા પરથી ગોળની પોટલી ઉતારે તેને પંચ દ્વારા નક્કી કરવામાં આવે તે ઈનામ આપવામાં આવે છે. આ મેળાના મેદાનની મધ્યમાં ૨૦ થી ૨૫ ફૂટ ઊંચા લાકડાનો સમક્ષિતિજ લાંબો થાંભલો ઉભો કરવામાં આવે છે, જેના ઉપર કાણાં પાડી માણસ ઉભો રહી શકે તેવી રીતે ચાર પાંચ ફૂટના બે આડા લાકડાના પાટિયા ગોઠવવામાં આવે છે. થાંભલાની ટોચ પર ગોળની એક પોટલી લટકાવવામાં છે. આ થાંભલાની આજુબાજુ કુંવારી કન્યાઓ હાથમાં વાંસની સોટીઓ લઈને ઢોલના તાલે આદિવાસી ગીતો ગાતી ગોળાકારમાં નૃત્ય કરે છે. ત્યારે કન્યાઓના આ ટોળાની વચ્ચેથી ઉભેલા યુવાનો થાંભલા પર ચડવાનો પ્રયત્ન કરે છે. ત્યારે થાંભલા પર ચડનાર યુવાનોને યુવતીઓ વાંસની સોટીઓ વડે માર મારે છે છતાં પણ સોટીઓનો માર ખાઈને પણ યુવાનો થાંભલા ઉપર ચડવાનો પ્રયત્ન કરે છે. જેમાં જે યુવાન છેલ્લે ટોચ ઉપર બાંધેલી ગોળની પોટલી સુધી પહોંચે છે. તે પોટલીમાંનો ગોળ ખાય છે અને નીચે પણ ચારેબાજુ વેરે છે. કહેવાય છે કે, પોટલીનો ગોળ લેવા માટે યુવાનોએ ગધેડા જેવો માર ખાવો પડે છે એટલે " ગધેડાનો મેળો " કહેવાય છે.

**તાત્કાલિક કોર્ટ બિલ્ડિંગ ખાલી કરાવાઇ, પોલીસ દ્વારા સઘન તપાસ શરૂ**

## દાહોદ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટને બોમ્બથી ઉડાવવાની ધમકી

(પ્રતિનિધિ) દાહોદ તા.9

દાહોદમાંથી આ સમયે એક મહત્વપૂર્ણ સમાચાર સામે આવી રહ્યા છે. ને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો ઈ-મેઈલ મળતા સમગ્ર કોર્ટ પરિસરમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. માહિતી મુજબ ડિસ્ટ્રિક્ટ જજના એડમિન વિભાગના સત્તાવાર ઈ-મેઈલ આઈડી પર અજાણ્યા શખ્સ દ્વારા ધમકીભર્યો મેઈલ મોકલવામાં આવ્યો હતો. મેઈલમાં કોર્ટ બિલ્ડિંગમાં વિસ્ફોટ કરવાની ધમકી આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. ધમકી મળતા જ કોર્ટમાં ચાલી રહેલી કાર્યવાહી તાત્કાલિક રોકી દેવામાં આવી હતી અને કોર્ટમાં હાજર જજ, વકીલો તેમજ મોટી સંખ્યામાં આવેલા પક્ષકારોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતા જ ની ટીમો તરત જ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને સમગ્ર કોર્ટ પરિસરને કોર્ડન કરી દીધો હતો. તે ઉપરાંત બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની મદદથી કોર્ટ બિલ્ડિંગના ખૂણે-ખૂણાની સઘન તપાસ હાથ ધરવામાં આવી રહી છે. પાર્કિંગમાં રહેલા વાહનો તેમજ ઓફિસની ફાઈલો સહિત તમામ શંકાસ્પદ વસ્તુઓનું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. બીજી તરફ દ્વારા ધમકીભર્યો ઈ-મેઈલ ક્યાંથી અને કોણે મોકલ્યો છે તે દિશામાં ટેકનિકલ તપાસ શરૂ કરવામાં આવી છે. હાલ સમગ્ર કોર્ટ પરિસરમાં કડક પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને સુરક્ષા એજન્સીઓ સમગ્ર મામલે તપાસ કરી રહી છે. દાહોદ ડી વાય એસ પી ભંડારી દ્વારા જણાવવામાં આવ્યું કે આજરોજ એક મેલ મળ્યો હતો દાહોદ કોર્ટ ને બોમ્બ થી ઉડાવી દેવાનો આવા ઈમેઈલ અલગ અલગ રાજ્યો માં આવ્યા હોવાનું જાણવા મળેલ છે પરંતુ કોઈ પણ જગ્યા એ દાહોદ કોર્ટ ને ઉડાવી દેવાનો ઉલ્લેખ કર્યો નથી જેથી આવી કોઈ અફવાઓ મા આવું નહીં અને પોલીસ દ્વારા રૂટિંગ ચેકીગ કરવામાં આવી રહ્યું છે જેમાં કોઈ પણ શંકાસ્પદ આઈટમ મળેલ નથી

**ધો.૧૨ ની પરીક્ષાના ઈંગ્લીશના પેપર દરમિયાન હોલ ટિકિટ સાથે ચેંડા કર્યા**

## દેવગઢ બારીયાની જયદીપસિંહ હાઈસ્કૂલમાં ડમી વિદ્યાર્થી પકડાયો

(પ્રતિનિધિ) દાહોદ તા.9

ગઈકાલે શનિવારે દેવગઢ બારીયા ધાનપુર એક બત્તી પાસે આવેલ જયદીપસિંહ હાઈસ્કુલના બ્લોક નંબર -૪૧ મા ધોરણ ૧૨ ની ઈંગ્લિશની પરીક્ષા દરમિયાન હોલ ટિકિટ સાથે ચેડાં કરી પરીક્ષા આપતો ડમી વિદ્યાર્થી સ્કવોર્ડ ચેકિંગ દરમિયાન પકડાઈ જતા ડમી વિદ્યાર્થી સહિત બે જણા વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ કરાયાનું સત્તાવાર રીતે જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર દેવગઢ બારીયા તાલુકાના રૂવાબારી ગામના લબડા ફળિયામાં રહેતા ૨૧ વર્ષીય સુનિલભાઈ કરસનભાઈ લબડાએ ધોરણ ૧૨ ની એચએસસીની દેવગઢ બારીયા ધાનપુર એક બત્તી પાસે આવેલ જયદીપસિંહ હાઈસ્કુલમા બ્લોક નંબર ૪૧માં ગઈકાલ તારીખ સાતમી માર્ચના રોજ અંગ્રેજીની પરીક્ષા વેળાએ લીમખેડા તાલુકાનાબાર ગામના વચલા ફળિયામાં રહેતા ધોરણ ૧૨ ના વિદ્યાર્થી હર્ષદભાઈ દિનેશભાઈ બારીયાની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરથી ઈસ્યુ કરવામાં આવેલ પ્રવેશપત્ર/રીસીપ્ટ (હોલ ટિકિટ) ઉપરથી હર્ષદભાઈ દિનેશભાઈ બારીયાનો ફોટો કાઢી તે જગ્યા પર સુનિલભાઈ કરસનભાઈ લબડા નો ફોટો ચોંટાડી તેના ઉપર કુળના પ્રિન્સિપાલની ખોટી સહી કરી ખોટી રીસીપ્ટ બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી સુનિલભાઈ લબડા ડમી વિદ્યાર્થી તરીકે અંગ્રેજીની પરીક્ષા આપતો હતો. દરમિયાન બપોરના ત્રણેક વાગ્યાના સુમારે ચેકિંગમાં તે પકડાઈ ગયો હતો. આ સંબંધે મોટી ખજૂરી ખાતે પુનિત સર્વોદય હાઈસ્કુલ એન્ડ બી પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળામાં નોકરી કરતા કૃણાલકુમાર કમલેશભાઈ માહલાએ દેવગઢ બારીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે રૂવાબારી ગામના લબડા ફળિયામાં રહેતા સુનિલભાઈ કરસનભાઈ લબડા તથા બાર ગામના વચલા ફળિયામાં રહેતા હર્ષદભાઈ દિનેશભાઈ બારીયા વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### સંક્ષિપ્ત સમાચાર

### કાલોલના શામળદેવી ગામે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની અનોખી ઉજવણી




કાલોલ: આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે નાયબ બાગાયત નિયામકની કચેરી, ગોધરા દ્વારા કાલોલ તાલુકાના શામળદેવી ગામ ખાતે એક વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલા વૃતિકા સ્ટાઈપેન્ડ યોજના' અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં ગ્રામીણ મહિલાઓને બાગાયતી પેદાશોના મૂલ્યવર્ધન દ્વારા આર્થિક રીતે સદ્ધર બનાવવાના હેતુથી 'ફળ અને શાકભાજી પરીરક્ષણ' (Value Addition) અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ તાલીમ શિબિરમાં બાગાયત અધિકારી જીજ્ઞાબેન પટેલ અને બાગાયત મદદનીશ રક્ષાબેન દ્વારા શામળદેવી ગામની કુલ ૪૨ જેટલી બહેનોને વિવિધ વાનગીઓ બનાવવાની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જેમાં ટામેટા કેચપ, કાચા કેળાની વેફર, કાચી કેરીનું અથાણું, ગાજરનું અથાણું અને સૂકી ખારેકનું અથાણું જેવી વસ્તુઓ લાંબો સમય કેવી રીતે સાચવી શકાય તે અંગે પ્રેક્ટિકલ નિદર્શન કરાયું હતું.

**દાહોદના રળીયાતી ગામે સુવાળી ફળિયામાં સ્મશાન રોડ પર બનેલી ઘટના**

## સાઈન બોર્ડના થાંભલા સાથે મોટર સાયકલ ધડાકાભેર અથડાતા બંને છોકરાઓના મોત

(પ્રતિનિધિ) દાહોદ તા.9

દાહોદ તાલુકાના રળીયાતી ગામે સુવાળી ફળિયામાં સ્મશાન રોડ પર મધ્યપ્રદેશ બાજુથી પુરપાટ દોડી આવતી મોટર સાયકલ, ચાલકની ગફલતને કારણે સાઈન બોર્ડના લોખંડના થાંભલા ખાતે ધડાકાભેર ભટકાતા સર્જાયેલા ગમખ્વાર અસ્માતમાં મોટરકાર સાયકલ પર સવાર બે પિત્રાઈ ભાઈઓનું સ્થળ પરજ અરેરાટી ભર્યું મોત નીપજ્યાનું જાણવા મળ્યું છે. મળેલ વિગત અનુસાર મધ્યપ્રદેશ બાજુથી સવારના સાડા સાત વાગ્યાનાસમારે પૂર ઝડપે અને ગફલત ભરી રીતે દોડી આવતી મધ્યપ્રદેશ પાસિંગની એમપી ૪૫ ઝેડ. ડી -૫૮૪૩ નંબરની પલ્સર મોટરસાયકલ તેના ચાલકની ગફલતને કારણે રળીયાતી ગામે સુવાળી ફળિયામાં સ્મશાન રોડ પરસાઈન બોર્ડના લોખંડના થાંભલા સાથે ધડાકાભેર ભટકાતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મોટરસાયકલ પર સવાર મધ્યપ્રદેશના ઝાબુઆ જિલ્લાના મેઘનગર તાલુકાના ગોવાળીગામના હોળી ફળિયામાં રહેતા ૧૫ વર્ષીય સુરેશભાઈ પ્રતાપભાઈ ભુરીયાને માથાથી મોઢા સુધીનો ડાબી બાજુનો ભાગ ફાટી જેતા ગભીર ઈજા થતા તેનું સ્થળ પર જ કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. તેમજ પાછળ બેઠેલ ૧૮ વર્ષીય અજયભાઈ રમેશભાઈ ભુરીયાને ગળાના ભાગે તથા શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ તથા તેનું પણ સ્થળ પર જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા જ દાહોદ રૂરલ પોલીસ તાબડતોબ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને મરણ જનાર સુરેશભાઈ ભુરીયા તથા અજયભાઈ ભુરીયાની લાશનુ પંચો રૂબરૂ પંચનામું કરી બંનેની લાશને પોસ્ટમોર્ટમ માટે દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં મોકલી આપી હતી. આ સંબંધે મધ્યપ્રદેશના ગોવાળીગામના હોળી ફળિયામાં રહેતા મરણ જનાર અજય ભાઈ ભુરીયાના પિતા રમેશભાઈ જમાલભાઈ ભુરીયાએ દાહોદ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



**તા.10 મી માર્ચ સુધી પોતાના પ્રશ્નો મોકલી શકશે**

## ઘોઘંબાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.25મીના રોજ યોજાશે

(પ્રતિનિધિ) ઘોઘંબા તા.9

ઘોઘંબા તાલુકા માટેનો તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી તા.૨૫/૦૩/૨૦૨૬ ને બુધવારના રોજ સવારે ૧૧-૦૦ કલાકે યોજાશે. આ તાલુકા કક્ષાના સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ માટે નાગરિકો/અરજદારો/પ્રજાજનોએ તેઓના સેવાકીય, કોર્ટ મેટર, રહેમરાહે નોકરી, પેન્શન, નિતિવિષયક તથા આક્ષેપો કરતી અરજી સિવાયના પ્રશ્ન લેખિતમાં આગામી તા.૧૦/૦૩/૨૦૨૬ સુધીમાં મામલતદાર કચેરી,ઘોઘંબા ખાતે રૂબરૂ અથવા ટપાલ દ્વારા અરજી મારફતે મોકલી આપવાના રહેશે. અરજદારોએ એક અરજીમાં ફક્ત એક જ ફરિયાદ/પ્રશ્ન રજૂ કરવાનો રહેશે. અરજદારોએ પ્રશ્નના કવર તેમજ અરજી ઉપર "તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ" એમ સ્પષ્ટ લખવાનું રહેશે. અરજદારે અરજીની અંદર પોતાનું નામ તથા સરનામુ અને પોતાનો ટેલીફોન કે મોબાઈલ નંબર અથવા સંપર્ક નંબર અવશ્ય લખવાનો રહેશે. તાલુકા સ્વાગતમાં અરજદારે લાંબા સમયના પડતર પ્રશ્નો અંગે જ અરજી કરવાની રહેશે. તાલુકા કક્ષાના પ્રશ્ન માટે તાલુકાના જવાબદાર અધિકારીશ્રીને કરેલ રજુઆતની નકલ અરજી સાથે જોડવાની રહેશે. આ કાર્યક્રમમાં અરજદાર જાતે રૂબરૂ પોતાના પ્રશ્નની રજૂઆત કરી શકશે અને કોઈ વકીલ કે અન્ય વ્યક્તિ દ્વારા રજૂઆત કરાવી શકશે નહિ. તેમજ તા.૧૦/૦૩/૨૦૨૬ સુધીમાં મળેલ અરજીઓનો જ ચાલુ માસના સ્વાગત કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે.

### કાલોલના બાકરોલ પ્રાથમિક શાળામાં આંતરરાષ્ટ્રીય મહિલા દિન ઉજવાયો



કાલોલ : સંયુક્ત રાષ્ટ્ર સંઘ(યુનો) દ્વારા સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિન દર વર્ષે ૮મી માર્ચના દિવસે મનાવવામાં આવે છે. સ્ત્રીત્વને સન્માનવાનો દિવસ,બહેન દીકરીઓને એમના અસ્તિત્વનું મહત્વ શું છે તેનો અહેસાસ કરાવવાનો દિવસ એટલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ.વિદ્યાર્થીઓને આ હેતુને શાળાના આચાર્ય દિનેશભાઇ પ્રજાપતિ દ્વારા વિવિધ ઉદાહરણો આપીને સમજાવવામાં આવ્યો. તેઓ દ્વારા શાળામાં વિશેષ યોગદાન આપનાર તમામ શિક્ષિકાબહેનો તેમજ વિદ્યાર્થીનીઓને બિરદાવવામાં આવ્યા.વિશ્વની અડધી જનસંખ્યા એટલે કે નારીના ઉત્કર્ષ માટે લોકજાગૃતિ લાવવાના પ્રયત્નો કરવામાં આવ્યા. શાળાના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો દ્વારા સામાજિક ઉત્થાનમાં મહિલાઓની ભૂમિકાની અગત્યતા વિશે વક્તવ્યો આપવામાં આવ્યા. મહિલાઓમાં શિક્ષણનો વ્યાપ વધે તેમજ કુરિવાજો તથા રૂઢિઓમાંથી બહાર આવે તે માટે ગુજરાત સરકાર પ્રયાસો આદરી રહી છે.

**તાત્કાલિક કોર્ટ બિલ્ડિંગ ખાલી કરાવાઇ, પોલીસ દ્વારા સઘન તપાસ શરૂ**

## દે.બારીઆના માનસરોવર તળાવમાં કાર ખાબકતા એક યુવકનું કરૂણ મોત

(પ્રતિનિધિ) દેવગઢ બારીયા તા.9

દેવગઢ બારીઆ નગરના માનસરોવર તળાવમાં કાર ખાબકવાની દુર્ઘટના બનતા એક યુવકનું મોત થયું છે જ્યારે બે યુવકોને સ્થાનિકોએ બચાવી સારવાર માટે ખસેડાયા છે. મળતી માહિતી મુજબ સાવલી ખાતે સાથે ભણતા દેવગઢ બારીઆના પ્રીત રાકેશકુમાર અગ્રવાલ (ઉ.વ. 24) અને ધ્રુવરાજ પ્રણેશભાઈ વરિયા (ઉ.વ. 24) તેમજ રાજકોટના રાહુલ વિનોદભાઈ ચાવડા (ઉ.વ. 24) એમ ત્રણ મિત્રો એક દિવસની રજા માણવા માટે માનસરોવર ખાતે ફરવા આવ્યા હતા. ત્યાં બેટ ઉપર કાર લઈને જતા દરમિયાન અચાનક કાર ઉપરથી કાબૂ ગુમાવતા કાર દિવાલ તોડી તળાવમાં ખાબકી ગઈ અને ત્રણેય યુવકો પાણીમાં ગરકાવ થઈ ગયા. ઘટનાની જાણ થતાં સ્થાનિક મુસ્લિમ યુવકો તરત જ બચાવ કામગીરીમાં જોડાઈ બે યુવકોને પાણીમાંથી



બહાર કાઢ્યા હતા. ઘટનાસ્થળે પહોંચેલા પાલિકા પ્રમુખ સહિત સ્થાનિક લોકો પણ મદદ માટે જોડાયા હતા. બાદમાં ફાયર ટીમે પાણીમાં શોધખોળ કરીને રાજકોટના રાહુલ ચાવડાને બહાર કાઢ્યો હતો, પરંતુ તેનું મોત નીપજ્યું હતું. જ્યારે ધ્રુવરાજ વરિયાને વધુ સારવાર માટે બહાર ખસેડવામાં આવ્યો છે અને પ્રીત અગ્રવાલ હાલ સારવાર હેઠળ હોવાનું જાણવા મળે છે.

**અન્ય ઘટનામાં યુવકને રોકી રોકડ રકમની લૂંટ ચલાવી હુમલાખોરો ફરાર**

## હાલોલમાં ત્રણ યુવકોનો લઘુમતી કોમના બે શખસ પર હિંસક હુમલો

(પ્રતિનિધિ) હાલોલ તા.9

બાદશાહ બાવાની દરગાહ તરફ રહેતા મહંમદ અઝરુદ્દીન અનિષ શેખે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે ગત સાંજે તે પોતાના મિત્ર સાહિલ મકરાણી સાથે મોટરસાયકલ ઉપર અરાદ રોડ તરફ જઈ રહ્યો હતો. દરમિયાન તેઓ એક મિત્ર સાથે ઉભા રહી વાતચીત કરી રહ્યા હતા ત્યારે હાલોલનો વિશાલ પરમાર અન્ય ત્રણ યુવકો વિશા પરમાર (કણજરી), વાસુ સોલંકી (હાલોલ) અને બંટી (હાલોલ) સાથે ત્યાં આવ્યો હતો. આ દરમિયાન આરોપીઓએ અપશબ્દો બોલી લોખંડની પાઈપ વડે અઝરુદ્દીન ઉપર હુમલો કર્યો હતો. હુમલા બાદ આરોપીઓ ત્યાંથી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે યુવકે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. આ ઘટના બાદ સાંજે ગોપીપુરા રોડ ઉપર પણ બીજી ઘટના બની હતી. જેમાં ત્યાંથી પસાર થતા સાહિલ મન્સૂરી નામના યુવકને કેટલાક યુવકોએ રોકી તેના ઉપર હુમલો કર્યો હતો અને તેની પાસે રહેલી રોકડ રકમ લૂંટી લીધી હતી. હુમલાથી બચવા માટે સાહિલ મન્સૂરી પોતાનું સ્કૂટર ત્યાં મૂકી નાસી છૂટ્યો હતો. દરમિયાન હુમલાખોરોએ સ્કૂટરમાં પણ તોડફોડ કરી હોવાની માહિતી મળી છે. આ મામલે પોલીસ મથકમાં અરજી આપવામાં આવી છે. બંને ઘટનાઓમાં હુમલો કરનાર એક જ ગેંગના સભ્યો હોવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. બે દિવસ અગાઉ હાલોલમાં એક વેપારી ઉપર લૂંટના ઈરાદે થયેલા હુમલા પાછળ પણ આ જ ગેંગનો હાથ હોઈ શકે તેવી શંકા વ્યક્ત થઈ રહી છે.